ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૬-૨૭ માટેની રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-**SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા. **As per -Sign**

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭-૦૪-૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2025/2372/A-1**

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫-૦૫-૨૦૨૬નો પત્ર ક્રમાંક: **DDCW/SCG/e-file/225/2026/1344/CHH-Branch-Board Corporation**

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં શેરમૂડી ગ્રાન્ટ પેટે કુલ રૂ.૫.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૬-૨૭માં ફાળવવામાં આવેલ રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડ (અંકે રૂપિયા એક કરોડ પચીસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર મારફત ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકેલ ગ્રાન્ટની રકમ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને **PD-PLA** અકાઉન્ટમાં જમા/તબદિલ સત્વરે કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
3. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા

વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

4. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષનાં અંતે સરન્ડર કરવાની રહેશે.

6. નિગમે બાકી વાર્ષિક હિસાબોનાં ઓડિટની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.

7. નિગમના અગાઉના વર્ષોના હિસાબોની પ્રૂફ સિસ્ટમમાં સત્વરે એન્ટ્રી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર:૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર:૦૨ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમૂડી હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(આશુતોષ દેવડા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- સેકશન અધિકારીશ્રી(ક શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified

Signed by: A L Devada
Under Secretary
Date:2026.07.01
12:29:51 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign